# (ઓલપાડના મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા.)

(લક્ષ્મીબેન દોલતસિંહ દેવધરા વિગેરે **વિરુધ્ધ** સીતાબેન તે અભેસિંહ દેવધરાની વિધવા વિગેરે)

**સ્પે.દિ.મુ.નં.૧૬૫/૨૦૧૮.**

## <u>વાદીની આંક-૫ મનાઈ અરજી લગત હુકમ.</u>

**(૧)** વાદીએ હાલનો દાવો વહેચણનો તથા જાહેરાતનો તથા વેચાણ દસ્તાવેજો રદબાતલ કરવા માટેનો જાહેરાતનો તથા પાકની ઉપજ મેળવવાનો તથા જંગમ મીલકતોમા ભાગ મેળવવાનો તથા જાથુકની મનાઈ મેળવવાનો લાવી હાલની અરજીમાં સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ વડોલીની સીમમા આવેલ (૧) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૭, ક્ષેત્રફળ ૦.૦૧.૨૨, આકાર ૦.૩૭ (૨) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૧૩, ક્ષેત્રફળ ૦.૦૧.૨૨, આકાર ૦.૩૭ (૩) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૪૨૯, ક્ષેત્રફળ ૦.૦૬.૨૩, આકાર ૩૨.૩૧ (૪) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૬૦૨, ક્ષેત્રફળ ૧.૩૬.૫૮, આકાર ૧૯.૪૪ (૫) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૩૨૧, ક્ષેત્રફળ ૧.૯૨.૨૩, આકાર ૨૧.૦૦ (૬) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૩૫૯, ક્ષેત્રફળ ૨.૬૦.૨૨, આકાર ૨૩.૫૦ (૭) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૪૨૮, ક્ષેત્રફળ ૦.૮૩.૯૭, આકાર ૨૫.૫૬ (૮) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૪૧૩, ક્ષેત્રફળ ૦.૮૭.૨૧, આકાર ૩૮.૦૦ (૯) મોજે વડોલી, તા.ઓલપાડના બ્લોક નં.૪૭૪, ક્ષેત્રફળ ૧.૧૧.૨૯, આકાર ૧૨.૦૦ વાળી જમીનો વાદીના મર્હુમ વડીલ કનેથી વડીલોપાર્જીત મળેલ મીલકતો છે. આ ઉપરાંત મોજે વડોલીમા ગામ પંચાયત દફતરે નોંધાયેલ રહેઠાણની મીલકત જેનો પ્રોપર્ટી નં.૫૫, ૫૬, ૪૭૩, ૫૦૩ તેમજ મર્હુમ વડીલ અભેસિંહ મોહનસિંહ ગુજરી ગયા ત્યારે આશરે ૬૦ તોલા સોનાના દાગીના તથા ઘરનુ રાચરચીલુ સામાન તેમજ ખેતીના આધુનિક સાધનો જેવા કે ટ્રેકટર તથા મોટર ગાડી વડીલો પાર્જીત હોય પ્રતિવાદીઓ કાયદેસરની વહેંચણી કરી કબજો સુપરત ન કરે ત્યાં સુધી દાવાવાળી મીલકતના ટાઈટલમા કોઈ ફેરફાર કરે કરાવે નહી કે અન્ય કોઈ ત્રાહિત ઈસમોને વેચાણ તબદીલ ટ્રાન્સફર કરે કરાવે નહી કે વાદીઓના હકકોને ન્યુનતા થાય તેવા કોઈ કૃત્ય કરે કરાવે નહી કે બીનખેતી કે પ્લાન પાસ

કરે કરાવે નહી કે કોઈને કબજા પ્રવેશ કરાવે નહી કે કાચુ પાકુ બાંધકામ કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા માંગણી કરેલ છે.

(૨) હાલની અરજી તળે હુકમ થતો હોય પુનરાવર્તન ટાળવા સારુ અરજીની વિગત જણાવવામા આવેલ નથી.

(૩) સદરહુ કામમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો પ્રતિવાદી નં.૧૯ તરફે આંક-૧૮ થી જવાબ, પ્રતિવાદી નં.૧ થી ૮ અને ૧૦ થી ૧૬ તરફે આંક-૩૦ થી જવાબ રજુ થયેલ છે અને તેમા મહદઅંશે તેની હકીકતોનો ઈન્કાર કરવામા આવેલ છે અને પુનરાવર્તન ટાળવા સારુ જવાબોની વિગતો અત્રે જણાવવામા આવેલ નથી તથા પ્રતિવાદી નં.૯, ૧૭, ૧૮ સામે દાવો એકતરફી ચલાવવાનો નામદાર કોર્ટ તરફથી હુકમ ફરમાવવામા આવેલ છે.

(૪) વાદી તરફે આંક-૩૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

(૫) વાદી તરફે પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીના સમર્થનમા આંક-૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૨૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી નં.૧૯ તરફે આંક-૧૯ ના લીસ્ટથી નિ.૧૯/૧ થી નિ.૧૯/૧૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૬) ત્યારબાદ વાદી તરફે આંક-૪૩ થી લેખિત દલીલ રજુ કરવામા આવેલ છે જે વંચાણે લીધી અને તેઓએ તેમની લેખિત દલીલના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

1.. (2013) 4 AD (SC) 562, V.K.Surendra V/s. V.K. Thimmaiah and Others.

2.. 1970 GLR 971, Ramshree Mahavir V/s. Girdharlal Bholanath Agarwal.

3.. (1989) 2 GLR 994, Himmatbhai Prabhubhai Kanthariya V/s. The Ahmedabad City Civil Court Staff Welfare Association.

4.. AIR 1984 Guj 126, Ibrahim Shah Mohamad V/s. Noor Ahmed Noor Mohamed.

5.. AIR 1990 All 188, Naresh Chandra and Others V/s. District Magistrate, Nainital and others.

6.. 1995 (2) GLR 1369, Manubhai Bhagabhai Patel V/s. Cheebabhai Rambhai Patel.

7.. AIR 1972 SC 2292, Raza Buland Sugar Co.Ltd. V/s. Their Workmen.

8.. AIR 2001 Raj. 378, Narayan V/s. Madan.

9.. AIR 1987 Delhi 15, M.Mohan V/s. Maheshwari Seth.

10.. AIR 1999 SC 1125, Ashwinkumar K. Patel V/s. Upendra J. Patel and Others.

11.. AIR 1990 SC 867 (1), Dorab Cawasji Warden V/s. Coomi Sorab Warden and others.

ત્યારબાદ પ્રતિવાદી નં.૧૮ તરફે આંક–પ૩ થી દલીલો રજુ કરવામા આવેલ છે જે વંચાણે લીધી.

ત્યારબાદ પ્રતિવાદી નં.૩ થી ૧૬ નો દલીલનો હકક નામદાર કોર્ટ તરફથી બંધ કરવામા આવેલ છે.

(૭) આ અરજીનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩. શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

– : : <u>કા ર ણો</u> : : –

**<u>મુદા નં.૧ થી ૩</u>** :–

ઉપરોકત મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય હકીકતોનાં પુનરાવર્તનને ટાળવા તમામ મુદાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૯) કાયદાનો એ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે ગમે ત્યારે કોઈ અરજી કોર્ટ સમક્ષ આપે ત્યારે તેને તરત મનાઈહુકમ આપી દેવો જોઈએ નહી. મનાઈ અરજીને મંજુર કરવી એ કોર્ટનો ન્યાયીક વિશેષાધીકાર છે. અને જયારે પણ મનાઈ માંગવામા આવે ત્યારે મનાઈ મંજુર કરવાના ૩ મહત્વના સિધ્ધાંતના આવશ્યક તત્વો શોધવા કોર્ટ ફરજથી બંધાયેલી છે. વચગાળાની મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાનમા રાખવાના મહત્વના ૩ સિધ્ધાંતો માનનીય ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચેના કેસમા પ્રસ્થાપીત કરવામાં આવેલા છે.

<u>Registrar of High Court of Gujarat, Ahemadavad vs. B. J. Patel, reported in 1997 (2) G.L.H. 240.</u> Hon'ble Gujarat High Court has held that “It may also be noted at this stage that the parameters for the grant of interlocutory order though are not prescribed in the constitution, but are analogous to the provisions of order-39, R-

1 & 2 of the Code of Civil Procedure, 1908." Our Hon'ble Gujarat High Court has further held in this case that "It is a settled proposition of law that interim order during the pendency of the main dispute can be granted provided the following ingredients are established to the hilt (1) Primafacie case (2) Balance of Convenience and (3) irreparable injury." As laid down by the Hon'ble Gujarat High Court in this case that mere existence of one of the factors is not sufficient. The our Hon'ble Gujarat High Court has laid down the principles guiding in deciding the application for ad-interim injunction under the provision of Order 39, Rule 1, 2. The Hon'ble High Court has laid down the settled principles regarding the injunction and held that "All the three principles governing the grant or refusal of the interlocutory injunction or order must co-exist. It is not enough even strong primafacie case is shown, it must be successfully shown that there is strong primafacie case and irreparable harm will be caused to the petitioner if the interlocutory order is refused and balance of convenience tilts in favour of the petitioner." Taking into consideration the above principles enunciated by the Hon'ble Gujarat High Court, the plaintiff is required to establish the said three parameters are in his favour.

(૧૦) આમ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ મનાઈ હુકમ આપવાની દાદ તે અદાલતની વિવેકાધીન દાદ છે. પરંતુ વિવેક બુધ્ધિનો ઉપયોગ કોર્ટને નીચેની બાબતોનો સંતોષ થયાને આધારીત છે.

**કામચલાઉ મનાઈહુકમને નિયંત્રિત કરતાં કાનૂની સિધ્ધાંતો જોઈએ તો**

સીવીલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ નાં ઓર્ડર–૩૯, રૂલ–૧ અથવા રૂલ–૨ ની જોગવાઈ મુજબ નિયત થયેલ સંજોગો અસ્તિત્વમાં હોય તો કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરી શકાય. રૂલ–૧ અથવા રૂલ–૨ ની જોગવાઈ હેઠળના સંજોગો જો અસ્તિત્વમાં ન હોય તો અદાલતને કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરવાની હકુમત નથી. પરંતુ રૂલ–૧ હેઠળનાં સંજોગો અસ્તિત્વમાં હોય તો પણ અદાલત કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા બંધાયેલ નથી કે, અદાલતને કામચલાઉ વચગાળાનો મનાઈહુકમ આપવા કે મંજુર કરવા ફરજ પાડી શકાય

નહિ. રૂલ–૧ હેઠળની કામચલાઉ કે, વચગાળાના મનાઈહુકમ અંગેની જોગવાઈ સંયકતપણે અદાલતની વિવેકબુધ્ધિ ઉપર આધારિત છે.

કામચલાઉ મનાઈહુકમ માંગનાર વ્યકિતએ કોર્ટને સંતોષ થાય તે રીતે બતાવવું જ પડે કે,
**:૧:** દાવામાં મહત્વનાં અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે અને તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે.

**:૨:** મનાઈહુકમ માંગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ જરૂરી છે કે, જેથી તે પોતાનો હકક પ્રસ્થાપિત કરવામાં સફળ થાય.

**:૩:** જો મનાઈ હુકમ માંગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તે વ્યકિત નાણાંથી ભરપાઈ થઈ શકે નહિ તેવું અસહય નુકશાન થવાનો સંભવ છે.

**(૧૧)** આ કામના વાદીની દલીલ મુજબ આ કામના વાદીની મુખ્ય તકરાર મુજબ પ્રતિવાદી નં.૮ વાદી નં.૧ ના પતિ તથા વાદી નં.ર, ૩ ના પિતા થતા હોય અને તેઓએ વાદીને કોઈપણ જાતના વાંક, ગુના વિના વર્ષોથી ત્યાગ કરેલ સદરહુ દાવાવાળી જમીન તથા મકાન અભેસિંહ મોહનસિંહ કે જેઓ વાદી નં.૧ ના સસરા તથા વાદી નં.ર, ૩ ના દાદાની વડીલો પાર્જીત મીલકત આવેલ છે અને વાદીના મર્હુમ વડીલ અભેસિંહ મોહનસિંહ હીન્દુ અવિભકત કુટુંબના વડા તરીકે ચાલી આવેલ હતા અને તા.પ/૧ર/ર૦૦ર ના રોજ તેઓ બીનવસીયતી ગુજરી જતા તેઓની વારસાઈ અંગેની નોંધ નં.૩૬૪૪ થી પાડવામા આવેલ અને વાદી હીન્દુ કાયદા મુજબ મર્હુમ અભેસિંહ મોહનસિંહના પુત્ર પ્રતિવાદી નં. ૮ દોલતસિંહ અભેસિંહના કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે હોય જેથી દોલતસિંહનો ૧/૮ મા વાદીનો ૩/૪ વણ વહેંચાયેલો હીસ્સો ચાલી આવેલ છે અને વડીલોપાર્જીત સ્થાવર તથા જંગમ મીલકતોમા વાદી નં.ર, ૩ ના પિતા તથા વાદી નં.૧ ના પતિ પ્રતિવાદી નં. ૮ નો કાયદેસરનો ૧/૮ હીસ્સામા વાદીનો ૩/૪ હીસ્સો છુટો કરી આપવા તથા વહેંચણ કરવા માટે હાલનો દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે અને સાથે અરજી અરજી દાખલ કરી મનાઈ હુકમની માંગણી કરેલ છે.

આ કામના વાદી તરફે રજુ થયેલ દાવા અરજીના પેરા–૨ મા દર્શાવ્યા મુજબ મોજે વડોલીના બ્લોક નં. ૭,૧૩, ૪૨૯, ૬૦૨, ૩૨૧, ૩૫૯, ૪૨૮, ૪૧૩, ૪૭૪ તથા વડોલીના ગ્રામ પંચાયત દફતરે નોંધાયેલ પ્રોપર્ટી નં. ૫૫, ૫૬, ૪૭૩, ૫૦૩ વાળી મીલકતો વડીલો પાર્જીત આવેલ હોવાનુ જણાવેલ છે. આમ સદરહુ દાવાવાળી મીલકત ગુજરનાર અભેસિંહ મોહનસિંહની વડીલોપાર્જીત આવેલ છે કે કેમ ? તે સૌપ્રથમ વાદીએ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવુ પડે. આ કામે વાદી તરફથી નિ.૩/૧ થી ગામના નમુના નં. ૮/અ ની નકલ રજુ કરેલ છે જેમા વડોલીના બ્લોક નં. ૭ તથા ૧૩ વાળી જમીનમા આ કામના પ્રતિવાદી નં. ૮ ની સાથે અન્ય પ્રતિવાદીઓની સંયુકત માલીકી હકકે ચાલી આવેલ હોવાનુ જણાય છે તેમજ નિ.૩/૨ થી બ્લોક નં. ૭ ની ગામ નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા પણ પ્રતિવાદી નં. ૮ તથા અન્ય પ્રતિવાદીઓના નામો સહમાલીક તરીકે ચાલી આવેલ હોવાનુ જણાય છે. નિ.૩/૩ થી મોજે વડોલીના બ્લોક નં.૧૩ ની ગામ નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા પણ પ્રતિવાદી નં. ૮ તથા અન્ય પ્રતિવાદીઓના નામો સહમાલીક તરીકે ચાલી આવેલ હોવાનુ જણાય છે. નિ.૩/૪ થી બ્લોક નં. ૩૫૯ ની ગામ નમુના નં. ૮/અ રજુ કરેલ છે જેમા પ્રતિવાદી નં. ૧૬ તથા ૧૭ ના નામો ચાલી આવેલ હોવાનુ જણાય છે. નિ.૩/૫ થી બ્લોક નં.૩૫૯ ની ગામના નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા પ્રતિવાદી નં.૧૬, ૧૭ ના નામો ચાલી આવેલ છે. નિ.૩/૬ થી બ્લોક નં.૪૧૩ ની ગામ નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા આ કામના પ્રતિવાદી નં.૧૦ નુ નામ ચાલી આવેલ હોવાનુ જણાય છે. નિ.૩/૮ થી બ્લોક નં.૪૨૮ ની ગામ નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા પ્રતિવાદી નં.૧, ૨, ૩ ના નામો ચાલી આવેલ છે. નિ.૩/૧૦ થી બ્લોક નં.૪૨૯ ની ગામ નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા પ્રતિવાદી નં.૧, ૪, ૫, ૬ ના નામો ચાલી આવેલ છે તેમજ નિ.૩/૧૨ થી બ્લોક નં.૪૭૪ ની ગામ નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા પ્રતિવાદી નં.૧૦, ૧૧, ૧૨ ના નામો ચાલી આવેલ છે. નિ.૩/૧૪ થી બ્લોક નં. ૬૦૨ ની ગામ નમુના નં. ૭/૧૨ રજુ કરેલ છે જેમા પ્રતિવાદી નં.૧૮ નુ નામ ચાલી આવેલ છે. નિ.૩/૧૫ થી નોંધ નં.૨૬૭૬ રજુ કરવામા આવેલ છે જે વેચાણ અંગેની નોંધ છે જે બ્લોક નં.૪૨૮ વાળી મીલકત પ્રતિવાદી નં.૧ નાએ વેચાણથી રાખેલ હોવા અંગેની

નોંધ છે જે ધ્યાને લેતા સદરહુ દાવાવાળી મીલકત પ્રતિવાદી નં.૮ ની વડીલો પાર્જીત હોવાનુ જણાય આવતુ નથી. નિ.૩/૧૫ થી નોંધ નં. ૨૬૭૭ રજુ કરવામા આવેલ છે જે વંચાણે લેતા દોલતસિંહ અભેસિંહએ સદરહુ દાવાવાળી જમીન બ્લોક નં.૩૫૯ વેચાણ રાખેલ હોવાની નોંધ છે. નિ.૩/૧૬ થી બ્લોક નં.૩૫૯ ના સામાયીકપણામા નામ દાખલ કરવાની નોંધ છે તે વંચાણે લેતા સદરહુ બ્લોકવાળી મીલકત દોલતસિંહ અભેસિંહના નામે ચાલે છે અને સદરહુ જમીનમા તેમના ભાઈનુ નામ દાખલ કરવા અંગેની નોંધ છે. નિ.૩/૧૭ થી નોંધ નં.૩૧૯૬ રજુ કરેલ છે જે વંચાણે લેતા બ્લોક નં.૩૫૯, ૬૦૨ મા સહભાગીદાર તરીકે નામ દાખલ કરવા બાબતે છે જે તા.૨૨/૧૨/૧૯૯૭ ના રોજની છે. સદરહુ બ્લોક નં. ૩૫૯, ૬૦૨ વાળી જમીનની માલીકી અભેસિંહ મોહનસિંહ દેવધરા તથા હીરાબેન અભેસિંહ, દોલતસિંહ અભેસિંહ, સુરેન્દ્રસિંહ અભેસિંહનાઓએ પોતાના કબજા ભોગવટાવાળી જુની શરતની ખેતીની જમીનમા કૌટુંબીક રીતે પોતાના નામ સાથે ગણપતસિંહ અભેસિંહનુ નામ દાખલ કરવા સંમતિ જવાબ આપેલ હોવાથી નામો દાખલ કરવા અંગેની નોંધ છે. નિ.૩/૧૮ થી બ્લોક નં.૩૫૯ વાળી જમીન સહભાગીદાર તરીકે નામ દાખલ કરવા અંગેની નોંધ છે. નિ.૩/૨૦ થી બ્લોક નં.૩૫૯ નો વેચાણ દસ્તાવેજ છે જે આ કામના પ્રતિવાદી દોલતસિંહ અભેસિંહ, ગણપતસિંહ અભેસિંહ, સુરેન્દ્રસિંહ અભેસિંહ, મીનાક્ષીબેન ગણપતસિંહ પ્રતિવાદી નં.૧૬ ને વેચાણ આપેલ હોવાનો દસ્તાવેજ છે જે સને ૨૦૦૨ નો છે. નિ.૩/૨૧ થી બ્લોક નં. ૬૦૨ વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ જે આ કામના પ્રતિવાદી ગણપતસિંહ અભેસિંહ, મીનાક્ષીબેન ગણપતસિંહે પ્રતિવાદી નં.૧૮ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. નિ.૩/૨૨ થી હકકપત્રક રજુ કરેલ છે જે વંચાણે લેતા બ્લોક નં. ૬૦૨ વાળી જમીનના વેચાણ અંગેની નોંધ નં.૫૧૫૭ છે. સદરહુ વેચાણ દસ્તાવેજ આધારે પ્રતિવાદી નં.૧૮ નુ નામ બ્લોક નં. ૬૦૨ મા દાખલ થયા અંગેની નોંધ છે. આમ વાદી તરફથી સદરહુ દાવાવાળી મીલકત બ્લોક નં.૪૧૩, ૪૭૪, ૪૨૯, ૩૦૬, ૩૨૧ વાળી મીલકત અભેસિંહ મોહનસિંહના નામે આવેલ હતી તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેમજ બ્લોક નં.૩૫૯ કે જે પ્રતિવાદી નં. ૮ નાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ

નોંધ નં.૨૬૭૭ ની નોંધ છે. નોંધ નં. ૩૦૨૪ વંચાણે લેતા સામાયીકપણામા સદરહુ દાવાવાળી જમીન બ્લોક નં.૩૫૯ મા નામ દાખલ કરવામા આવેલ છે. બ્લોક નં.૪૨૮ જોતા પણ ગણપતસિંહ અભેસિંહએ સદરહુ દાવાવાળી જમીન વેચાણથી રાખેલાની નોંધ નં.૨૬૭૬ થી થયેલ છે. બ્લોક નં.૩૫૯, ૬૦૨ વાળી જમીનમા સહભાગીદાર તરીકે નામ દાખલ કરવા બાબતે છે. સદરહુ નોંધ ધ્યાને લેતા સદરહુ દાવાવાળી જમીન વડીલો પાર્જીત આવેલ હોવાનુ હાલના તબકકે માની શકાય તેવો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ વાદી તરફથી અન્ય મીલકત મોજે વડોલીના ગ્રામ પંચાયત દફતરે નોંધાયેલ પ્રોપર્ટી નં.૫૫, ૫૬, ૪૭૩, ૫૦૩ ની મીલકતો અનુસંધાને નિ.૩/૨૪ થી આકારણી પત્રકની નકલ રજુ કરેલ છે જેમા પ્રવિણસિંહ ગણપતસિંહ અભેસિંહનુ નામ ચાલી આવેલ છે. નિ.૩/૨૫ થી આકારણી પત્રક પ્રોપર્ટી નં.૪૭૩ રજુ કરેલ છે જેમા સુરેન્દ્રસિંહ અભેસિંહનુ નામ ચાલી આવેલ છે. નિ.૩/૨૬ થી પ્રોપર્ટી નં.૫૫ ના આકારણી પત્રકની નકલ રજુ કરેલ છે જેમા ઈન્દ્રસિંહ ગણપતસિંહ અભેસિંહનુ નામ ચાલી આવેલ છે. નિ.૩/૨૭ થી રજુ કરેલ પ્રોપર્ટી નં.૫૦૩ મા મીનાબેન, ગણપતસિંહ, દોલતસિંહ, ચંદ્રસિંહ, સુરેન્દ્રસિંહ, મંજુલાબેન, રતનબેન, ભારતીબેનના નામો ચાલી આવેલ છે. આમ ઉપરોકત નકલ ધ્યાને લેતા સદરહુ દાવાવાળી મીલકત અભેસિંહની સંયુકત કુટુંબના વડા તરીકે ચાલી આવેલ હોય તેવો દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના તબકકે રજુ કરેલ નથી. જેથી વાદી દાવાવાળી જમીન મીલકતો વાદીના વડીલ સસરા/દાદા હીન્દુ અવિભકત કુટુંબના વડા તરીકે માલીક કબજેદાર તરીકે ધારણ કરતા આવેલ હતા તેવી તકરાર લઈને આવેલ છે તે પુરાવાનો વિષય છે અને તે પુરાવાના અંતે નકકી થઈ શકે તેમ છે. તે સંજોગોમા વાદીઓનો પ્રાઈમાફેસી કેસ હોવાનુ જણાય આવતો નથી.

જેથી વાદીઓ તેનો કોઈ પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકેલ નહી. તેમજ વાદીઓને નાણામાં ન વળી શકે તેવુ નુકશાન વાદીની તુલનામાં પ્રતિવાદીની તરફેણમાં વધુ જણાઈ આવતુ હોય ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા તથા રજુ થયેલ દસ્તાવેજી

પુરાવો વંચાણે લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાઈ આવતુ નથી. જેથી માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાંણામાં આંકી ન શકાય તેવુ કોઈ નુકશાન હોવાનુ પણ જણાઈ આવતુ નથી, તેમજ સગવડતા અગવડતાની સમતુલા અને ઈરરીપેરેબલ લોસના પાસાઓ પણ વાદી કરતા પ્રતિવાદીની તરફેણમાં વધુ હોવાનુ જણાઈ આવે છે. આમ વાદી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેના તમામ પાસાઓ પોતાની તરફેણમાં હોવાનુ રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ ન હોય, હાલના તબકકે વાદીઓ પોતાની મનાઈ હુકમની અરજીમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા હકકદાર બનતા નથી, તેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ ઉપર મુજબ નકારમાં આપી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **<u>-::હુકમ::-</u>**

''**૧**'' વાદીઓની આંક-૫ ની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

''**૨**'' ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ: ૧૪ મી, માહે-ઓકટોબર, સને-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૧૦/૨૦૨૪
સ્થળ -ઓલપાડ

(જીગ્નેશકુમાર સુરેશભાઇ પંચાલ)
પ્રિન્સી. સિનિયર સિવિલ જજ,-ઓલપાડ.
[કોડ નં. જી.જે.-૦૦૯૮૯]